જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૮/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૭૧૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૫૬ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૪૨૬ લીટર દેશી દારૂ, ૩૨ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૨ એક્ટીવા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૧૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૧૭૧૨/૧૭**

**નિકોલ :** જનકબેન વા/ઓ દિનેશભાઇ પ્રજાપતી (ઉ.વ.૩૩)(રહે,ગોકુલ ગેલેક્ષી ફ્લેટ કઠવાડા ગામ પાસે તા-દસ્ક્રોઇ જી.અમદાવાદ) એ તા.૨૪/૮/૧૭ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૮/૧૭ બપોરના ૧/૦૦ થી તા.૧૭/૮/૧૭ સાંજના ૫/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીમાંથી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાનાં દાગીના અને રોકડ રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૮,૧૦૦/-મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી દશરથસિંહ પ્રભાતસિંહ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૧૭૧૩/૧૭**

**ગાયકવાડ હવેલી :** વસંતભાઇ બાબુલાલ મહેતા (ઉ.વ.૫૭)(રહે,હરીપાર્ક સોસાયટી આદીશ્વરનગર સામે નરોડા) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૮/૧૭ રાતના ૧૦/૦૦ થી ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન જમાલપુર નવા ફાયરબ્રીગેડ ના મકાનની સામે બ્રીજ ઉપરથી પોતાની પત્ની સાથે એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વસંતભાઇની પત્નીનાં ગળામાંથી સોનાની પેડલ સાથેની ચેઈન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.કલારા ચલાવે છે.

**મેઘાણીનગર :** પત્તુસિહ જીજીસ્ટર્સિંહ રાઠોડ (રહે,કર્ણાવતીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ નવા નરોડા) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૮/૧૭ રાતના ૦૯/૧૫ વાગ્યાનાં સુમારે મેમ્કો પુલ ઉતરતા રામેશ્વર તરફ પોતાની પત્ની સાથે મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પત્તુસિહ્ની પત્નીનાં ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.પી.તરેટીયા ચલાવે છે.

**ઇસનપુર : (૧)** જાનકીબેન પંકજભાઈ ગજ્જર (ઉ.વ.૫૪)(રહે,રચના સોસાયટી, શ્રીજી ડેરીની સામે ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૮/૧૭ રાતના ૧૧/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘર નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જાનકીબેનનાં ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.

**(૨)** દેવકીબેન આશીષભાઈ સોનેજી (ઉ.વ.૩૪)(રહે,સ્વરધારા સોસાયટી, ભુલાભાઈ ચાર રસ્તા ગીતામંદિર રોડ દાણીલીમડા) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૮/૧૭ ના કલાક ૦૮/૧૫ વાગ્યાનાં સુમારે ઇસનપુર જયમાલા રોડ ઉપર ટોપોઝ હોટલ સામે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દેવકીબેનનાં ગળામાંથી સોનાની કંઠી કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ડી.પંચાલ નાઓ ચલાવે છે.

**(૩)** ભાવનાબેન વા/ઓ નરેન્દ્રભાઈ પારેખ (ઉ.વ.૫૮)(રહે,બંધન સોસાયટી, કેડિલા રોડ ઘોડાસર ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૮/૧૭ ના કલાક ૭/૧૫ વાગ્યાનાં સુમારે ઇસનપુર ઘોડાસર ગામ હનુમાનજી મંદિરની પાસેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભાવનાબેનનાં ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.વૈશ્યક ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> <u>સમાચાર યાદી નં.૧૭૧૪/૧૭</u>

**રીવરફ્રન્ટ ઇસ્ટ :** દિપક નરેંદ્રભાઇ શર્મા (ઉ.વ.૨૦)(રહે,શ્રી જી સ્કુલ પાછળ તલાવડી સરદારનગર) કોઇ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૧૭ ના કલાક ૧૦/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સુભાષબ્રીજ રેલ્વે બ્રીજ નીચે સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે સાબરમતી રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માતમોત નોંધી આ અંગેની તપાસ હેકો.શ્રી ઇશ્વરસિંહ દશરથસિંહ ચલાવે છે

**બાપુનગર :** મનીષભાઇ રમેશભાઇ ચૌધરી (ઉ.વ.૩૦)(રહે,સત્યમ ફ્લેટ ત્રીજા માળે ધાબાવાળા મકાનમાં બાપુનગર) કોઇ અગમ્ય કારણસર તા.૨૩/૦૮/૧૭ રાતના ૧૦/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ હિરાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.